# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા – ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત
વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

તા. ૧૦-૦૧-૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨.૩૦ • શ્રેણી : ૧૮ • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 18)**

**પ્ર. : ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો : (૧૫)**

(ક) સાતમા વ્રતમાં રહેલ ૨૬ મર્યાદામાંની પહેલી પાંચ મર્યાદા મૂળ પાઠ સહિત લખો. ૫

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** ૮

(૧) આકુટ્ટિ હણવા નિમિત્તે હણવાના પચ્ચક્ખાણ એટલે શું ? તેના પચ્ચક્ખાણ કોણ કરે છે ?

(૨) દંડ કોને કહે છે ? અનર્થ દંડ એટલે શું ?

(૩) ઔષધ અને ભેષજમાં શો ફેર છે ?

(૪) 'ચરિત્તાચરિત્ત'નો અર્થ શો ?

**(ગ) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ ? અશુદ્ધ હોય તો શુદ્ધ કરીને લખો :** ૨

૧) ઈત્તરીય પરીઝાહિયાગમણે. ૨) આણવણપ્પઓગે ૩) પાઢીયારુ ૪) વઈકતો

**પ્ર. : ૨. આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો : (૫)**

(૧) ભગવાન શરીરનિર્વાહ માટે શેનો આહાર કરતા હતા ? ૧

(૨) ભગવાન કયા દોષો રહિત આહારની ગવેષણા કરતા હતા ? ૨

(૩) ભગવાન જુલાબ, વમન આદિ શરીરસંસ્કાર કરતા ન હતા, શા માટે ? ૨

**પ્ર. : ૩. ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : (૧૦)**

(૧) કયા ત્રણ પ્રકારે સંપૂર્ણ પૃથ્વી ચલિત થાય છે ?

(૨) અલ્પ આયુષ્ય કર્મ બાંધવાના ત્રણ કારણો કયા ?

(૩) દેવ કયા ત્રણ સ્થાનની ઇચ્છા કરે છે ?

(૪) ત્રસ જીવ અને સ્થાવર જીવના કેટલા પ્રકાર છે ?

(૫) પુદ્ગલના પ્રકાર કેટલા ? તેના નામ લખો.

**પ્ર. : ૪. જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો : (૧૦)**

(૧) સુધર્માસ્વામીએ 'સંઘાટ' અધ્યયનનો ઉપસંહાર કરતા જંબૂસ્વામીને શું કહ્યું ?

(૨) ધન્ય સાર્થવાહના પુત્રનું નામ દેવદત્ત કેમ રાખવામાં આવ્યું ?

(૩) ધન્ય સાર્થવાહને કોનો ધર્મ ઉપદેશ સાંભળીને દીક્ષા લેવાના ભાવ થયા ? ધર્મ ઉપદેશ સાંભળી શું બોલ્યા અને ત્યાર પછી તેમણે શું કર્યું ?

(૪) સાધુ-સાધ્વી દીક્ષા લઈને આહાર શા માટે કરે છે ?

(૫) જ્ઞાતાધર્મકથા સૂત્રના ૧૨મા અધ્યયનનું નામ શું ? તેનો ઉપસંહાર લખો.

**પ્રશ્ન : ૫ (ક) ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો : (૧૫)**

(૧) ભગવાન મહાવીર સ્વામીએ સાધુ-સાધ્વીને બોલાવીને શું કહ્યું ? ૩

(૨) હાથીરૂપ દેવ કેવો હતો ? ૨

(૩) <u>એક શબ્દમાં જવાબ લખો :</u> ૫

અ) કામદેવ શ્રમણોપાસક ભગવાન મહાવીર સ્વામીની પર્યુપાસના કોની જેમ કરવા લાગ્યા ?

બ) શક્રેન્દ્ર મહારાજ કયા વિમાનમાં બિરાજેલ હતા ?

ક) કામદેવ શ્રમણોપાસકની પાસે ક્યારે મિથ્યાદષ્ટિ દેવ પ્રગટ થયો ?

ડ) કામદેવ શ્રમણોપાસક પાસે કેટલી ગાયો હતી ?

ઈ) પિશાચરૂપ દેવ કોના જેવી ગર્જના કરતો હતો ?

(પાછળ જુઓ)

(ખ) અંતગડ સૂત્રના આધારે જવબ લખો : ૫

(૧) અનીકસેન દિવસે ને દિવસે કોની જેમ વૃદ્ધિ પામતા હતા ?

(૨) અનીકસેનનું પાલન કેટલી ધાવમાતાએ કર્યું ? કઈ કઈ ?

(૩) નાગ ગાથાપતિ કેવા હતા ?

(૪) અનીક્સેન કોની જેમ ભગવાન પાસે દીક્ષિત થયા ?

(૫) અનિકસેન કોની જેમ સુખપૂર્વક ભોગ ભોગવતા હતા ?

**પ્ર. : ૬. અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો : (૫)**

(૧) ધન્ના અણગાર પારણાના દિવસે કેવી પરિસ્થિતિમાં દીન થતા નહિ ? ૨

(૨) શ્રેણિકરાજાએ ભગવાન મહાવીર સ્વામીને શું પૂછ્યું ? ૨

(૩) ધન્ના અણગાર કાળ કરીને ક્યાં ગયા ? ત્યાં તેમની સ્થિતિ કેટલી ? ૧

**પ્ર. : ૭. દશવૈકાલિક સૂત્રની કડી પૂર્ણ કરો : (૧૫)**

(૧) જેસિં .......... વિન્નાયા. ૪

(૨) સે કીડં વા ............ વત્થંસિ વા. ૪

(૩) નીચેના શબ્દોના અર્થ લખો : ૩

૧) પિહુણેણ વા. ૨) પરિસાગઓ. ૩) પજ્જાલંતં વા.

૨) પક્ખોડાવિજ્જા ૫) પરિગિહિહજ્જા ૬) પોરબીયા

(૪) <u>અર્થ પરથી માગધી / મૂળ શબ્દ લખો.</u> (કોઈ પણ ચાર લખો) ૪

૧) કલ્યાણકારી છે ? ૨) સૂક્ષ્મ ૩) સચેત રજ સહિત વસ્ત્રને

૪) વારંવાર સ્પર્શ કરનાર ૫) સંયમી ૬) જતનાથી

**પ્ર. : ૮. ભગવતી સૂત્રના આધારે જવાબ લખો : (૧૦)**

(૧) મિશ્રકાળ લખો. ૩

(૨) ચાર પ્રકારના સંસાર સંસ્થાનકાળનો અલ્પબહુત્વ લખો. ૨

(૩) ઈહભવિક પરભવિકનો થોકડો કયા આગમનો અધિકાર છે ? ૧

(૪) ઇહભવિક, પરભવિક, તદુભય ભવિક એટલે શું ? ૨

(૫) ચારિત્ર ઇહભવિક જ કેમ છે ? ૨

**પ્ર. : ૯. પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો : (૧૦)**

(૧) જઘન્ય બે સિદ્ધ થતા હોય તેવા બોલ લખો. ૩

(૨) બુદ્ધદ્વાર લખો. ૩

(૩) <u>ખાલી જગ્યા પૂરો :</u> ૨

(અ) અકર્મભૂમિમાં ૧ સમયમાં ...... સિદ્ધ થઈ શકે છે તે ક્ષેત્રમાં
નિરંતર ....... સમય સુધી સિદ્ધ થઈ શકે, પછી અંતર પડે છે.

(બ) ઈરવત ક્ષેત્રમાં ૧ સમયમાં ........ સિદ્ધ થઈ શકે છે ત્યાં
નિરંતર ...... સમય. સુધી સિદ્ધ થઇ શકે, પછી અંતર પડે છે.

(૪) સુપ્તથી જાગૃત કેટલા ગુણ વધારે છે ? ૨
શાતા વેદનીય વેદવાવાળાથી અશાતા વેદનીયવાળા કેટલા ગુણ વધારે છે ?

**પ્રશ્ન : ૧૦.** (૧) સમવાયાંગ સૂત્રના ૧૩, ૧૬, ૧૮ સમવાયની વિગત લખો. ૩ **(૫)**

(૨) રાયપસેણીય સૂત્ર અંગ છે કે ઉપાંગ ? કેટલી ગાથા છે ? આ સૂત્રમાં કેટલા અધિકાર છે ? ૨

★

"જય જિનેન્દ્ર"